# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 16-07-2024 Midday : 1.20 to 1.30

Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****************************************************

- ✓ જમ્મુ કાશ્મીરના ડોડામાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં, સેનાના અધિકારી સહિત ચાર જવાન શહીદ
- ✓ **બિહારમાં મની લોન્ડરિંગ કેસમાં આરજેડીના ભૂતપૂર્વ ધારાસભ્યના નિવાસસ્થાને પ્રવર્તમાન નિદેશાલયના દરોડા**
- ✓ **નીટ પરીક્ષાના પેપર લિક કેસમાં હઝારીબાગમાંથી વધુ એક આરોપીની ધરપકડ**
- ✓ **ગુજરાત અને કેરળ સહિત પશ્ચિમના તટીય પ્રદેશમાં ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી**
- ✓ **અમેરિકામાં રિપબ્લિકન પાર્ટીએ ટ્રમ્પને રાષ્ટ્રપતિ પદના સત્તાવાર ઉમેદવાર જાહેર કર્યા**

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## J&K-EnCOUNTER

ગત રાત્રીએ જમ્મુ અને કાશ્મીરમાં ભારે હથિયારોથી સજ્જ આતંકવાદીઓ સાથેની અથડામણમાં ગંભીર રીતે ઘાયલ થયેલા એક અધિકારી સહિત ચાર સૈન્યના જવાનો શહીદ થયા છે.

આકાશવાણી જમ્મુ સંવાદદાતા જણાવે છે કે, જમ્મુ કાશ્મીર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગૃપને આતંકવાદીઓ હોવાની બાતમી મળતાં ગત રાત્રીએ રાષ્ટ્રીય રાઈફલ્સ અને જમ્મુ કાશ્મીર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે ડોડા જિલ્લામાં ધારી ગોટે ખાતે સંયુક્ત કોર્ડન અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. જે દરમિયાન આતંકવાદીઓનાં ગોળીબારમાં અધિકારી સહીત પાંચ સૈનિકો ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા. તમામ ઘાયલોમાંથી સારવાર દરમિયાન ચાર શહિદ થયા હોવાની પુષ્ટિ સેના દ્વારા કરવામાં આવી છે.

આ અંગે જમ્મુ અને કાશ્મીરના ઉપ રાજ્યપાલ મનોજ સિંહા વીર જવાનોને સોશિયલ મીડિયા ના માધ્યમથી શ્રદ્ધાંજલિ આપી હતી. રક્ષા મંત્રી રાજનાથ સિંહે ડોડામાં ચાલી રહેલી આતંકવાદીઓ સાથેની અથડામણ અંગે સેનાએ પ્રમુખ ઉપેન્દ્ર દ્વિવેદી સાથે વાતચીત કરી સમગ્ર ઘટનાની જાણકારી મેળવી હતી. શ્રી સિંહે જવાનોનાં બલિદાન અંગે શોક વ્યક્ત કરતાં સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે, રાષ્ટ્ર પ્રત્યેની ફરજ નિભાવતાં પોતાના જીવનનું બલિદાન આપનારા સૈનિકોના પરિવારોની પડખે મજબૂત રીતે ઊભા છીએ. શ્રી સિંહે વધુમાં જણાવ્યું કે, ડોડામાં આતંકવાદીઓ વિરુદ્ધ કાર્યવાહી ચાલી રહી છે, અને ભારતીય સૈનિકો આતંકવાદના સંકટને નાબૂદ કરવા અને પ્રદેશમાં શાંતિ અને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

# BHIHAR - ED RAID

પ્રવર્તન નિદેશાલય - ઇડી દ્વારા રાષ્ટ્રીય જનતા દળના પૂર્વ ધારાસભ્ય ગુલાબ યાદવના વિવિધ સ્થળોએ દરોડા પાડવામાં આવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા

અનુસાર, આજે સવારે 6 વાગ્યાથી બિન હિસાબી નાણાંની શોધ માટે પટણા,પુણે અને મધુબની માં દરોડા ચાલી રહ્યા છે.

નિદેશાલયનાં અધિકારીઓ મધુબનીનાં ઝાંઝારપુરમાં ગુલાબ યાદવના પૈતૃક નિવાસસ્થાન સહિત જુદા-જુદા સ્થળોએ તપાસ ચલાવી રહ્યા છે. ગુલાબ યાદવ 2015માં ઝાંઝરપૂર વિધાનસભા બેઠકથી ચૂંટણી જીતી ધારાસભ્ય બન્યાં હતાં. જોકે, તાજેતરમાં બહુજન સમાજ વાદી પક્ષમાંથી લોકસભા ચૂંટણી લડ્યા પણ તેમાં ગુલાબ યાદવને હારનો સામનો કરવો પડ્યો હતો.

## NEET PAPER LEAK AAROPI

નિટ પેપર લીક કેસમાં સી.બી.આઈ, ગત રાત્રીએ દિલ્હીના હજારીબાગ ખાતેના ગેસ્ટ હાઉસમાંથી એક વ્યક્તિની ધરપકડ કરી છે. ઝડપાયેલ આરોપી પાસેથી કેટલાક મહત્વપૂર્ણ પુરાવાઓ પણ હાથ લાગ્યા છે. હજારીબાગથી અત્યારસુધી પાંચ વ્યક્તિઓની ધરપકડ થઇ ચુકી છે.

## **GOVT - EXAMINATION OF WITNESS**

કેન્દ્રએ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કહ્યું છે કે પોલીસ સ્ટેશન અને પોલીસ વિભાગના નિયંત્રણ હેઠળની જગ્યાને સાક્ષીઓની તપાસ માટેના સ્થળ તરીકે ઉપયોગમાં ન લેવામાં આવે. કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાએ આ અંગે તમામ રાજ્યના મુખ્ય સચિવો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પત્ર લખ્યો છે. તમામ પોલીસ સ્ટેશનોને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023 હેઠળ ઓડિયો-વિડિયો ઈલેક્ટ્રોનિક માધ્યમો દ્વારા સાક્ષીઓની તપાસ માટેના સ્થળની પસંદગી કરવા જણાવાયું છે..

ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમના ત્રણ નવા ફોજદારી કાયદાઓ આ મહિનાની 1લી તારીખથી અમલમાં આવ્યા છે.

## BIHAR ACCIDENT

બિહારના પટના જિલ્લામાં આજે સવારે એક માર્ગ અકસ્માતમાં છ લોકોના મોત અને સાત લોકો ઇજાગ્રસ્ત થયા છે. બાઢ સબ-ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક અભિષેક સિંઘે આકાશવાણી સમાચારને જણાવ્યું કે પટના-બખ્તિયાર પુર ચાર લેન ધોરીમાર્ગ પર પાર્ક કરેલી ટ્રક સાથે એક કાર અથડાતાં આ અકસ્માત સર્જાયો હતો. તેમણે કહ્યું કે ઇજાગ્રસ્તોની સારવાર પટના મેડિકલ કોલેજ હોસ્પિટલમાં કરવામાં આવી રહી છે.

# BIHAR MURDER

બિહારમાં, વિકાસશીલ ઇન્સાન પાર્ટીના વડા અને પૂર્વ મંત્રી મુકેશ સાહનીના પિતા જીતન સાહનીની હત્યા કરી દેવામાં આવી છે.. દરભંગા જિલ્લામાં તેમના પૈતૃક ઘરે અજાણ્યા હુમલાખોરો દ્વારા આ  હત્યા કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે આજે સવારે પૈતૃક મકાનમાંથી  હત્યા કરાયેલી હાલતમાં તેમનો મૃતદહે મળી આવ્યો હતો.

દરભંગા ગ્રામીણ એસ.પી. કામ્યા મિશ્રાએ જણાવ્યું કે, પ્રાથમિક તપાસમાં એવું જણાય છે કે હત્યામાં તીક્ષ્ણ હથિયારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અને તપાસ ચાલી રહી છે. નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ શોક વ્યક્ત કર્યો અને કહ્યું કે ગુનેગારોની ટૂંક સમયમાં ધરપકડ કરાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે સમગ્ર પશ્ચિમ કિનારાના તટિયપ્રદેશો અને ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે આજે કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત, દરિયાકાંઠાના અને દક્ષિણ આંતરિક કર્ણાટક, સૌરાષ્ટ્ર અને કચ્છમાં અલગ-અલગ વિસ્તારોમાં અત્યંત ભારે વરસાદની સંભાવના છે. વિભાગે આ વિસ્તારો માટે રેડ એલર્ટ અને કેરળમાં આજે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન તેલંગાણા, તટીય આંધ્રપ્રદેશ અને યાનમ, છત્તીસગઢ, ઉત્તર આંતરિક કર્ણાટકમાં ભારે વરસાદની આગાહી કરી છે. આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતા, હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક, આર કે જેનામાણીએ જણાવ્યું હતું કે ઓડિશાના દરિયાકાંઠે હળવુ દબાણ સર્જાયુ છે અને પરિણામે ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક પ્રદેશોમાં ચોમાસું સક્રિય બન્યું છે.

## REV.TRUMP - VP NOMINEE

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને સત્તાવાર રીતે રિપબ્લિકન પાર્ટીએ રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે નામાંકિત કર્યા છે. ગઈકાલે રાત્રે મિલવૌકીમાં રિપબ્લિકન નેશનલ કમિટીના પ્રતિનિધિઓએ બહુમતી સાથે તેમનુ નામાંકન કર્યું હતું. ટ્રમ્પ રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે ત્રીજી વાર રેસમાં છે.

અગાઉ ટ્રમ્પ વર્ષ 2016 માં જીત્યા હતા અને ત્યારબાદ 2020 માં રાષ્ટ્રપતિ જો બિડેન સામે હાર્યા હતા. અમેરિકા પ્રમુખપદની ચૂંટણી આ વર્ષે નવેમ્બરમાં યોજાશે. શ્રી ટ્રમ્પે ઓહિયોના સેનેટર જેડી વેન્સને તેમના ઉપપ્રમુખ પદના ઉમેદવાર તરીકે પસંદ કર્યા છે.

## BULLET TRAIN BRIDGE

મુંબઈ-અમદાવાદ બૂલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે વલસાડ જિલ્લાની કોલાક નદી પર બ્રિજનું કામ પૂર્ણ થયું છે. આ બ્રિજની લંબાઈ 160 મીટર અને થાંભલાની ઊંચાઈ 14

મીટરથી 23 મીટર સુધીની છે. આ બ્રિજ વાપી અને બિલીમોરા બૂલેટ ટ્રેન સ્ટેશનની વચ્ચે આવેલો છે. 2 સ્ટેશન વચ્ચે પૂર્ણ થયેલી અન્ય નદીઓમાં ઔરંગા અને પાર નદીઓનો સમાવેશ થાય છે. આ નદી વાલ્વેરી નજીક સાપુતારાની ટેકરીઓમાંથી નીકળે છે અને અરબ સમુદ્રમાં મળે છે. કોલક નદી વાપી બૂલેટ ટ્રેન સ્ટેશનથી સાત કિલોમીટર અને બિલીમોરા બૂલેટ ટ્રેન સ્ટેશનથી 43 કિલોમીટર દૂર છે.

## HM-NCORD

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુરુવારે નવી દિલ્હીમાં નાર્કો-કો-ઓર્ડિનેશન સેન્ટરની 7મી સર્વોચ્ચ-સ્તરની બેઠકની અધ્યક્ષતા કરશે. શ્રી શાહ નેશનલ નાર્કોટીક્સ હેલ્પલાઈન માદક પદાર્થ નિષેધ સુચના કેન્દ્ર ‘માનસ’નું લોકાર્પણ કરશે અને શ્રીનગર ખાતે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની ઝોનલ ઓફિસનું ઉદ્ઘાટન કરશે.

શ્રી શાહ એનસીબીનો ‘વાર્ષિક અહેવાલ 2023’ અને ‘નશા મુક્ત ભારત’ પર અહેવાલ પણ રજૂ કરશે. આ બેઠક ભારતમાં માદકપદાર્થની હેરાફેરી અને દુરુપયોગનો સામનો કરવા માટે સંકળાયેલી વિવિધ કેન્દ્ર અને રાજ્ય સરકારની એજન્સીઓના પ્રયાસોનું સંકલન અને સમન્વય કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

## SC - HINDENBURG

સર્વોચ્ચ અદાલતે અદાણી-હિંડનબર્ગ કેસની તપાસ માટે ખાસ તપાસ ટુકડી - એસઆઇટીની રચના કરવાના તેના 3 જાન્યુઆરીના નિર્ણય સામે દાખલ કરવામાં આવેલી સમીક્ષા અરજીને ફગાવી દીધી છે. સમીક્ષા અરજી પર વિચાર કર્યા બાદ, મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ, ન્યાયમૂર્તિ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રાની બેન્ચે કહ્યું કે રેકોર્ડ પર કોઈ ભૂલ સ્પષ્ટ નથી. સંગઠિત અપરાધ અને ભ્રષ્ટાચાર રિપોર્ટિંગ પ્રોજેક્ટ (OCCRP) અને હિન્ડેનબર્ગ રિસર્ચ જેવી તૃતીય-પક્ષ સંસ્થાઓ દ્વારા તૈયાર કરાયેલા અહેવાલોને નિર્ણાયક પુરાવા તરીકે ગણી શકાય નહીં.